GJSK140006762026

सत्यमेव जयते

**:: નુમના–અ ::** **આંક–**

| **વડાલીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં મુ.વડાલી**<br>**ચુકાદાની તારીખ : ૧૭/૦૬/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૫૯૬/૨૦૨૬** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૦૩(૨) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૯૦૫૪૨૬૦૩૦૬/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | વડાલી પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી જે.એ.રાવલ |
| આરોપી પક્ષ | **(૧) ચેતનકુમાર સ/ઓ બાબુભાઇ પોમાભાઇ ગમાર,**<br>ઉ.વ.આ.૨૦, ધંધો–મજુરી,<br>**(૨) લક્ષ્મણભાઇ સ/ઓ ઉજમા મકના ખેર,**<br>ઉ.વ.આ.૨૦,ધંધો–મજુરી,<br>બંને રહે–ઘઉંપીપળા,તા.કોટડા છાવણી,જી.ઉદેપુર (રાજસ્થાન) |
| રજુઆત | વિ.વ.શ્રી એ.ડી.ગઢવી |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૧/૦૩/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| પ્લી નોંધ્યા તારીખ | ૨૩/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમની તારીખ–લાગુ પડે તો | – |

**:: આરોપીની વિગત ::**

| નંબર | આરોપીનુ નામ | ધરપડક ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલી સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ચેતનકુમાર બાબુભાઇ ગમાર | ૦૧/૦૪ /૨૦૨૬ | ૦૩/ ૦૪/ ૨૦૨૬ | બી.એન.એસ કલમ–૩૦૩ (૨) | નિર્દોષ | – | –– |
| (૨) | લક્ષ્મણભાઇ ઉજમા ખેર | | | | | | |

**:: નમુના – ક ::**

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | વસંતભાઇ તુલસીદાસ પટેલ | ફરીયાદી |
| ફ.સ.૨ | ભરતભાઇ ભીખાભાઇ પટેલ | પંચ |
| ફ.સ.૩ | ભીખાભાઇ કેશાભાઇ પટેલ | પંચ |

બ. બચાવપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ક. ન્યાયાલય

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | અસલ ફરીયાદ |
| ૨ | ૧૫ | રીકવરી પંચનામુ |
| ૩ | ૧૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |

બ. બચાવ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | –– |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

**-: ઠરાવ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૩૦/૦૩/૨૦૨૬ના આશરે કલાક-૧૮-૦૦થી તા.૩૧/૦૩/૨૦૨૬ના કલાક-૦૮-૦૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે હાથરવા ગામે ફરીયાદીના ખેતરમાં આવેલ કુવામાં મોટરના કેબલ વાયર આશરે ૫૦ ફુટ કિ.રૂા.૭૦૦૦/-નું કાપી લઈ ચોરી કરી લઈ જઈ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨) મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી,સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધના ગુનાની તપાસ કરી હાલનુ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં,આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૦૭થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી,આરોપીઓની આંક-૮ અને આંક-૦૯થી પ્લી વાંચી,સંભળાવવી, સમજાવી,નોંધતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં,આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ બી.એન.એસ. એસ.કલમ-૩૫૧ મુજબનો પુરતો પુરાવો ન હોય વિશેષ નીવેદન નોંધેલ નથી.ત્યારબાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તર્ફે વિ.એ.પી.પી.શ્રી.ની તથા આરોપીઓ તર્ફે આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૪) હાલના કામે રજુ થયેલ તમામ પુરાવાવાના આધાની કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૩૦/૦૩/૨૦૨૬ના આશરે કલાક-૧૮-૦૦થી તા.૩૧/૦૩/૨૦૨૬ ના કલાક-૦૮-૦૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે હાથરવા ગામે ફરીયાદી ના ખેતરમાં આવેલ કુવામાં મોટરના કેબલ વાયર આશરે ૫૦ કુટ કિ.રૂા. ૭૦૦૦/-નું કાપી લઈ ચોરી કરી લઈ જઈ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨)મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નંબર-૧:-</u>**

**(૭.૧)** આ કામે બચાવપક્ષ તર્ફે ગુનાવાળી જગ્યાનુ પંચનામાને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવુ જણાવેલ છે.જેથી સદરહુ પંચનામાને આંક-૧૮ આપવામાં આવેલ.જે ધ્યાને લેતાં સદર જગ્યા ફરીયાદીના ખેતરમાં કુવો આવેલ છે જે કુવાના બાજુમાં ઉત્તર તરફના મુખવાળી ઓરડી આવેલ છે જે ઓરડીમાં વીજકનેકશન માટેનુ બોર્ડ લગાવેલ છે.જે બોર્ડ જોતાં તેમાં કુવાની મોટરનુ સ્ટાર્ટર લાગડેલ હાલતમાં છે.ઓરડીમાં આવેલ બોર્ડમાંથી કુવામાં નાખેલ મોટરમાં કાળા કલરનુ વીજ વાયર નાખેલ હતુ જે હાલમાં જણાતુ નથી અને સદર જગ્યાએ જોતાં વિજળીના બોર્ડમાં સ્ટાર્ટરમાંથી કુવા તરફ જતાં વિજવાયર જણાતુ નથી.સ્ટાર્ટર લટકેલ હાલતમાં છે.સદર જગ્યાએથી પોલીસે કોઇ ચીજવસ્તુ તપાસ અર્થે કબજે કરેલ નથી.આમ,આંક-૧૮ પંચનામુ સંપુણ વંચાણે લેતા હાલના આરોપીએ ચોરી કરેલાનુ

ફલીત થતુ ન હોય ફરીયાદીપક્ષને મદદરૂપ બનતુ નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે **પંચ–ભરતભાઇ ભીખાભાઇ પટેલના**ઓની આંક–૧૪થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આશરે એકાદ માસ પહેલા પોલીસે વસંતભાઇને ફોન કરતાં વસંતભાઇએ તેઓને હાથરવા બસ સ્ટેન્ડ બોલાવેલા.ત્યારે પોલીસવાળા સાહેબ બે આરોપીઓને તથા બળેલા વાયરોને લઇને આવેલ હતા અને તેઓને તે વખતે વાયરો બતાવેલ અને પોલીસે આ બંને ઈસમો પાસેથી બળેલા વાયરો કબજે કરેલા.તે બાબતનુ પંચનામુ કરેલુ ત્યારબાદ તેઓએ સહી કરેલી.પંચનામુ બતાવતાં પંચ નં.ર તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે **જે પંચનામાને રજુ દા.આંક–૧૫ આપવામાં આવેલ.**આરોપીઓ હાજર હોય તો ઓળખી શકે.પોલીસે બળેલા વાયર કબજે કરેલા અને તેના પંચનામામાં તેઓએ સહી કરેલી.**<u>તે વખતે જે આરોપી પાસેથી કબજે કરેલી તેને તેઓએ ચોકકસ જોયેલ ન હોય ચોકકસ રીતે ઓળખી શકે નહીં.તેઓને ચહેરા નિશાનપત્રક આરોપીના ફોટાવાળા બતાવતાં આરોપીઓના ફોટા છે તેઓને તેઓએ પંચનામા વખતે જોયેલા નથી</u>**.સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોઈ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને **આરોપી તર્ફે પંચસાહેદની ઉલટતપાસમાં તેઓ સ્વીકાર કરે છે કે<u>,પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલ.</u>**આ કામે **ફરીયાદપક્ષ તર્ફે પંચ ભીખાભાઇ કેશાભાઇ પટેલના**ઓની આંક–૧૭થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,પોલીસે તેઓને બસ સ્ટેન્ડ પાસે બોલાવેલ અને પોલીસે બળેલા વાયર કબ્જે કરેલા અને તેના પંચનામામાં તેઓએ સહી કરેલી.આંક–૧૫વાળા પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. **<u>આરોપી પાસેથી કબજે કરેલી તેને તેઓએ ચોકકસ જોયેલા ન હોય ચોકકસ રીતે ઓળખી શકે નહીં.તેઓને ચહેરા નિશાનપત્રક આરોપીના ફોટાવાળા બતાવતાં આરોપીઓના ફોટા છે તેઓને તેઓએ પંચનામા વખતે જોયેલા નથી</u>**.સદર પંચ સાહેદ તેઓના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોઈ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને આરોપી તર્ફે પંચ સાહેદની ઉલટ તપાસમાં તેઓ સ્વીકાર કરે છે કે**<u>,પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી</u>**

**<u>કરાવેલ.</u>**તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે **જીવાભાઇ ટી.વસાવા વિ.ગુજરાત રાજ્ય (૨૦૦૪)(૧) જીએલઆર ૪૬૦**ના સુપ્રસિધ્ધ રીપોર્ટેડ ચુકાદામાં ઠરાવ્યા અનુસાર,**None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of panchnama have also not been proved by Investigation Officer.In such a situation, panchanama cannot be read in evidence.** જયારે કોઈ પંચસાહેદ એ પંચનામાની વિગતોને સંપૂર્ણ સમર્થન આપે નહીં તો પંચનામાની વિગતો અનુસાર આક્ષેપિત ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની રહેલ છે.આમ **આંક–૧૫** વાળુ પંચનામુ ફરીયાદપક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

(૭.૩) આ કામે **ફરીયાદી વસંતભાઇ તુલસીભાઇ પટેલની** આંક–૧૨થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેમાં તેઓ જણાવે છે કે,તા.૩૧/૦૩/૨૬ના રોજ સવારે તેઓનો ભાગ્યો કુવાની મોટર ચાલુ કરવા ગયેલો,પરંતુ મોટર ચાલુ થયેલ નહી તે બાબતની તેઓને જાણ કરતાં તેઓ તેમના ખેતરે ગયેલા અને જોયેલ તો સ્ટાટરથી કુવાની અંદર જતો આશરે ૫૦ ફુટ જેટલો કેબલ વાયર કપાઇ ગયેલો જોવા મળેલો જેથી તેઓએ આજુબાજુના કુવાઓ ઉપર તપાસ કરતાં તે બાબતે કશુ જાણવા મળેલ નહીં અને આમ કોઈ અજાણ્યા ઇસમે તેઓના કુવા પર ૫૦ ફુટ પાણીની મોટરનો વાયર કિ.રૂા.૭૦૦૦/–નો ચોરી કરી લઇ ગયેલ હોય તેઓએ આ બાબતની વડાલી પો.સ્ટે.માં ફરીયાદ આપેલ જે ફરીયાદ બતાવતાં પોતાની ફરીયાદી તરીકે સહી ઓળખી બતાવે છે.જે ફરીયાદ રજુ દા.આંક–૧૩થી રજુ છે. ત્યારબાદ ફરીયાદીની આરોપીક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ **હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો છે.તેઓના વાયરની ચોરી કોણે કરી અને કોણ લઇ ગયુ તેની તેઓને ખબર નથી.**

**<u>રેકર્ડ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન :–</u>**

(૮) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનુ તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા હાથ ઉપર રહેલ કેસનુ રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે.ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર,આરોપીઓ

સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ ધ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ.

(૯) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર, ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતાં,ફરિયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરિયાદપક્ષે તપાસેલ ફરીયાદીએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપે છે પરંતુ તેઓનો પુરાવો ધ્યાને લેતા જણાય આવે છે કે,**તેઓના કુવાના વાયરની કોણે ચોરી કરી,કોણ તેઓના વાયર લઈ ગયુ તેની તેમને ખબર નથી.**બનાવ રાત્રીના સમયે **બનેલો.આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને વધુમાં આ કામે કબજે કરેલ મુદામાલના રીકવરી પંચો પણ આ કામના આરોપીઓની પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાની હકીકતોને સમર્થન આપતા નથી.**સદર ફરીયાદીની જુબાનીથી હાલનાં આરોપીઓની કોઈ ઓળખ છતી નથી.આમ,આ પુરાવો ફરીયાદપક્ષને આરોપીઓ વિરુધ્ધ ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં મદદરૂપ થઈ શકે તેમ ન હોય આ સંજોગોમાં આરોપીઓએ આક્ષેપિત અપરાધ કરેલ હોવાની બાબત ગંભીર શંકાના દાયરામાં આવે છે.

(૧૦) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવાઓ એ મુજબના છે કે જે હાલના કેસને પુરવાર કરવા માટે ખૂબ જ અપુરતા છે. ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમને રેકર્ડ પર રજુ કરેલ નથી.આરોપીઓ સામે જે મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે તે ધ્યાને લેતા,સ્પષ્ટ થાય છે કે ફરીયાદીની જુબાનીની ગુણવત્તા આરોપીઓ સામે હાલનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે.ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨)ની જોગવાઈનાં આવશ્યક તત્વો ફરીયાદપક્ષ આરોપી સામે કડીબધ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને કેસનાં રેકર્ડ પરથી પુરવાર થાય છે કે, હાલનાં કામે આરોપીઓએ ગુનો કર્યા અંગે શંકા ઉપસ્થિત કરતી હકીકતો પણ રેકર્ડ પર નથી. ફરીયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપો સચોટ, કડીબધ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે પુરવાર કરવાનો રહે છે.જે હાલના કામે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપીઓ વિરુધ્ધ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ

નિષ્ફળ ગયેલ હોય અને આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબનો ગુનો કર્યાનુ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીઓ **(૧) ચેતનકુમાર સ/ઓ બાબુભાઈ પોમાભાઈ ગમાર, (૨) લક્ષ્મણભાઈ સ/ઓ ઉજમા મકના ખેર,**બંને રહે.ધઉંપીપળા,તા.કોટડા છાવણી, જી.ઉદેપુર(રાજસ્થાન)નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–ર૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨)મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે પી.આઇ.શ્રી,વડાલી પોલીસ સ્ટેશનનાઓએ અપીલ સમય બાદ મુળ માલીકીની ખરાઈ કરી મુદ્દામાલ મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તા.૧૭મી,માહે–જુન,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**મુકામ: વડાલી**
**તા.૧૭/૦૬/૨૦૨૬**

**(સુનિલકુમાર એમ.પટેલ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,વડાલી**
**યુ.આઇ.સી.–જીજે૦૧૭૦૪**

//R.N.P.//